## સાપ્તાહિક ભવિષ્ય – પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૯-૫-૨૦૨૧ થી તા. ૧૫-૫-૨૦૨૧

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ મેષમાંથી તા. ૧૪મીએ વૃષભ રાશિમાં આવે છે. મંગળ મિથુન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. બુધ વૃષભ રાશિમાં અતિચારી ગતિએ ભ્રમણ કરે છે. ગુરુ કુંભ રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. શુક્ર વૃષભ રાશિમાં ભ્રમણ કરે છે. શનિ મકર રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. રાહુ વૃષભ રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે તા. ૯મીએ મેષ રાશિમાં પ્રવેશે છે. તા. ૧૨મીએ વૃષભ રાશિમાં, તા. ૧૪મીએ મિથુન રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં રોકાણ અને વેપારનું કામકાજ સફળ પુરવાર થશે. નવા અપેક્ષિત રોકાણ માટે અનુકૂળ તકો મેળવશો. નોકરી માટે આ સપ્તાહમાં સરળતા અને સગવડતાનો અનુભવ કરશો. મિલકતના કામકાજ માટે આ સપ્તાહના સમયમાં નિર્ણયો અનુકૂળ જણાશે. નાણાંઆવકના સાધનો વધુ અનુકૂળ બની રહેશે. ગૃહિણીઓને તા. ૯, ૧૧, ૧૨ના નિર્ણયોમાં સરળતા જણાશે. વિદ્યાર્થીઓને તા. ૧૩, ૧૪ની પ્રવૃત્તિઓમાં ઉત્સાહનો અનુભવ થતો જણાશે.

વૃષભ (બ, વ, ઉ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર માટે અનુકૂળ તક મેળવશો. સામાજિક પ્રવૃત્તિમાં સાવધાની દાખવવી જરૂરી છે. નોકરીમાં પરિશ્રમ અધિક જણાશે. ધાર્યા મુજબના વેપારના કામકાજ અનુકૂળ રહેશે. અપેક્ષાનુસાર વેપારના વિકાસના પ્રયત્નો સફળ જણાશે. મહિલાઓને ભાઈ-બહેનો સાથેના મતભેદનો ઉકેલ તા. ૧૪મીએ પ્રાપ્ત થાય. વિદ્યાર્થીઓને નવા અભ્યાસ માટે સફળ તક પ્રાપ્ત થતી જણાશે.

મિથુન (ક, છ, ઘ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં વાયદાના વેપાર, સાપ્તાહિક વેપારમાં સાવધાની રાખવી જરૂરી છે. નોકરીમાં દૃઢ સંકલ્પ, આત્મવિશ્વાસ, નિર્ણયની ક્ષમતા ઉપયોગી પુરવાર થશે. જાહેર જીવનની સામાજિક પ્રવૃત્તિમાં યશ મેળવશો. નવા કારોબારનો પ્રારંભ થાય. પરિવારના કામકાજમાં વડીલો ઉપયોગી થશે. કુટુંબના સભ્યો દ્વારા મહિલાઓને પ્રવૃત્તિઓમાં સહયોગ પ્રાપ્ત થાય. વિદ્યાર્થીઓને મિત્રો દ્વારા નબળા વિષયમાં માર્ગદર્શન પ્રાપ્ત થાય.

કર્ક (ડ, હ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં સાપ્તાહિક દૈનિક વેપાર અનુકૂળ રહેશે. નોકરીમાં અધિકારી ઉપયોગી થાય. વર્ચસ્વ વધે. તા. ૧૨મીએ, ૧૪મીએ કારોબારના નિર્ણયોમાં સફળતા મેળવશો. નાણાંઆવકની અનુકૂળતા જણાય. ગૃહિણીઓને આ સપ્તાહમાં પ્રાસંગિક જવાબદારીમાં યશસ્વી અનુભવ થાય. વિદ્યાર્થીઓને અભ્યાસેત્તર પ્રવૃત્તિમાં અનુકૂળતા જણાશે. અનારોગ્યમાં ઝડપી સુધારો થાય.

સિંહ (મ, ટ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવું નાણાંરોકાણ શક્ય જણાય છે. નવી નોકરીનો પ્રારંભ થાય. સામાજિક પ્રવૃત્તિઓમાં યશ મેળવશો. કુટુંબના સભ્યો કારોબારમાં ઉપયોગી થશે. વડીલોનો આર્થિક સહયોગ પ્રાપ્ત થાય. રાજકીય સામાજિક પ્રવૃત્તિઓમાં યશ મેળવશો. કુટુંબમાં ગૃહિણીઓને જવાબદારીઓ પૂર્ણ કરવા માટે અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં વડીલોનો સહયોગ પ્રાપ્ત થાય.

કન્યા (પ, ઠ, ણ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજાર નવા રોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપાર અનુકૂળ બની રહેશે. નોકરીમાં સહકાર્યકરો દ્વારા જૂનાં અધૂરા કામકાજ પૂર્ણ કરવા માટે અનુકૂળતા જણાશે. સહોદરો પરિવારના કામકાજમાં ઉપયોગી થશે. સરકારી અધિકારીનો સહયોગ પ્રાપ્ત થાય. મિલકતના નિર્ણયો લઈ શકશો. ગૃહિણીઓને સંતાનની જવાબદારીના મૂંઝવતા પ્રશ્નોમાં રાહત જણાશે. વિદ્યાર્થીઓને વાંચન અભ્યાસમાં એકાગ્રતા જાળવવામાં સફળતા જણાશે.

તુલા (ર, ત)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા રોકાણ માટે અનુકૂળતા જણાશે તથા દૈનિક સાપ્તાહિક વેપારથી લાભ થાય. નોકરી માટે અનુકૂળ તકો પ્રાપ્ત થાય. મિલકતના લે-વેંચના કામકાજમાં અનુકૂળતા જણાશે. કાર્યક્ષેત્રે જરૂરી સાધનો પ્રાપ્ત કરશો. ભાગીદારીના જૂનાં મતભેદોનો ઉકેલ આવે. વેપારના વિકાસ માટે સફળ નિર્ણયો લઈ શકશો. વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે અનુકૂળ તકો પ્રાપ્ત થતી જણાશે.

વૃશ્ચિક (ન, ય)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારના જૂનાં રોકાણમાંથી ઈચ્છિત નાણાં મેળવી શકશો. નોકરીમાં આત્મવિશ્વાસ અને કાર્યક્ષમતા ઉપયોગી થશે. જૂનાં જવાબદારીવાળા કામકાજ પૂર્ણ કરી શકશો. અધિકારી દ્વારા કારોબારમાં સહયોગ પ્રાપ્ત થાય. તા. ૧૨, ૧૩, ૧૪ અપેક્ષાનુસાર નાણાં વ્યવહારમાં સફળતા જણાય છે. વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે અનુકૂળ તકો પ્રાપ્ત થાય.

ધનુ (ભ, ધ, ફ, ઢ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારની કાર્યશૈલીમાં પરિવર્તનો આવે તેમ છે. તા. ૧૩, ૧૪ નોકરીમાં યશપ્રાપ્તિનો અનુભવ કરાવશે. તા. ૧૧, ૧૨, ૧૩ના કામકાજ વિશિષ્ટપણે સફળ થતાં જણાશે. નવી પ્રવૃત્તિઓનો પ્રારંભ શક્ય જણાય છે. સહોદરો પરિવારની પ્રવૃત્તિઓમાં ઉપયોગી થાય. મિત્રોમાં વિદ્યાર્થીઓ યશ પ્રાપ્ત કરે. મહિલાઓને આ સપ્તાહમાં પરિવાર માટે જરૂરી સાધનો પ્રાપ્ત થતાં જણાય.

મકર (ખ, જ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર લાભદાયી પુરવાર થશે. નોકરીમાં પરિવર્તનો જણાય છે. નોકરીના સ્થળની બદલી પણ શક્ય છે. મિલકતના લે-વેંચના કામકાજમાં સફળતા જણાશે. તા. ૧૧, ૧૨, ૧૩, ૧૪ના કામકાજમાં સફળતા જણાશે. આ સપ્તાહમાં નાણાંવ્યવસ્થા અનુકૂળ બની રહેશે. ગૃહિણીઓને પરિવારજનો સાથેના જૂનાં મતભેદનો ઉકેલ પ્રાપ્ત થતો જણાશે. મહત્ત્વના અધ્યયનના નિર્ણયો વિદ્યાર્થીઓને ઉપયોગી થતાં જણાશે.

કુંભ (ગ, શ, સ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવું રોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપારથી નાણાંલાભ મેળવશો. નોકરીમાં અપેક્ષિત જવાબદારી સરળતાથી પૂર્ણ કરી શકશો. કાર્યક્ષેત્રે પરિવારના સદસ્યો ઉપયોગી થાય. તા. ૧૧, ૧૨, ૧૩ના નાણાંવ્યવહાર અનુકૂળ બની રહેશે. જૂની ઉઘરાણીના નાણાંની વસૂલી શક્ય જણાય છે. નવા કારોબારનો, નવીન કાર્યપ્રણાલીનો પ્રારંભ થાય. મહિલાઓને તા. ૯, ૧૦, ૧૩, ૧૪ની પ્રવૃત્તિઓમાં યશ પ્રાપ્ત થાય. વિદ્યાર્થીઓને અભ્યાસ માટે સરળત તકો પ્રાપ્ત થતી જણાય.

મીન (દ, ચ, ઝ, થ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર, અનુકૂળ બની રહેશે. નોકરીના અધિકારીનો સહયોગ પ્રાપ્ત થાય. કારોબાર માટે જરૂરી સાધન જરૂરી સગવડતાઓ પ્રાપ્ત કરશો. સ્વતંત્ર કારોબારના વિકાસના પ્રયત્નોમાં સફળતા મેળવશો. નાણાંવ્યવસ્થા આ સપ્તાહમાં અનુકૂળ બની રહેશે. મહિલાઓને આ સપ્તાહમાં આર્થિક વ્યવહારમાં તથા નોકરીની પ્રવૃત્તિઓમાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં પરિવર્તનશીલ રચનાત્મક વિચારોના અમલ માટે અનુકૂળતા જણાશે. ■

## (ઉત્તરાયણ /ગ્રીષ્મઋતુ), રવિવાર, તા. ૯-૫-૨૦૨૧

શિવરાત્રિ, પ્રદોષ, કવિવર શ્રી રવીન્દ્રનાથ ટાગોર જયંતી

ભારતીય દિનાંક ૧૯, માહે વૈશાખ, શકે ૧૯૪૩

વિક્રમ સંવત ૨૦૭૭, શા. શકે ૧૯૪૩, ચૈત્ર વદ-૧૩

જૈન વીર સંવત ૨૫૪૭, માહે ચૈત્ર, તિથિ વદ-૧૩

પારસી શહેનશાહી રોજ ૨૭મો આસમાન, માહે ૯મો આદર, સને ૧૩૯૦

પારસી કદમી રોજ ૨૭મો આસમાન, માહે ૧૦મો દએ, સને ૧૩૯૦

પારસી ફસલી રોજ ૨૦મો બહેરામ, માહે ૨જો અર્દીબહેસ્ત, સને ૧૩૯૦

મુસ્લિમ રોજ ૨૬મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૨

મીસરી રોજ ૨૮મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૨

નક્ષત્રઃ રેવતી સાંજે ક. ૧૭-૨૮ સુધી, પછી અશ્વિની.

ચંદ્ર મીનમાં સાંજે ક. ૧૭-૨૮ સુધી, પછી મેષમાં

ચંદ્ર રાશિ નામાક્ષરઃ મીન (દ, ચ, ઝ, થ), મેષ (અ, લ, ઈ)

સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૮, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૩ સ્ટા. ટા.,

સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૧, અમદાવાદ ક. ૧૯ મિ. ૦૮ સ્ટા. ટા.,

-: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-

ભરતીઃ સવારે ક. ૧૦-૫૯, રાત્રે ક. ૨૨-૫૯

ઓટઃ સાંજે ક. ૧૬-૪૨, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૦૫ (તા.૧૦)

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૭૭, 'પરિધાવી' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૩, 'પ્લવ' નામ સંવત્સર, ચૈત્ર કૃષ્ણ- ત્રયોદશી. શિવરાત્રિ, પ્રદોષ, કવિવર શ્રી રવીન્દ્રનાથ ટાગોર જયંતી, પંચક સમાપ્તિ સાંજે ક. ૧૭-૨૯, વિષ્ટિ પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૨૯-૩૧(તા.૧૦મી).

શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.

મુહૂર્ત વિશેષઃ ભગવાન સૂર્યનારાયણ દેવતાનું પૂજન,માતા ગાયત્રી હવન-જાપ, શિવ-પાર્વતી પૂજા, રુદ્રાભિષેક, પ્રદોષ વ્રત ઉપવાસ, જાપ, ભક્તિ ભજન, રાત્રિ જાગરણ, વિશેષ રૂપે સૂર્ય-બુધ ગ્રહ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ પૂજા, મંદિરોમાં પાટ અભિષેક પૂજા, હનુમાન મંદિર, ધજા કળશ-પતાકા ચઢાવવી, પશુ-લેવેચ, વૃક્ષ વાવવાં, શાંતિ પૌષ્ટિક પૂજા, સર્વ શાંતિ પૂજા, નવાં વસ્ત્રો-આભૂષણ, વાસણ, વાહન, નિત્ય થતાં દસ્તાવેજ, દુકાન, નોકરી, સ્થાવર લેવડ-દેવડનાં, પશુ લે-વેચનાં કામકાજ, બી વાવવું, ખેતીવાડી, મહુડાનાં ઔષધીય પ્રયોગો, પુષા દેવતાનું પૂજન, હજામત, મિત્રતા કરવી.

આચમનઃ ચંદ્ર-ગુરુ અર્ધત્રિકોણ સફળતા માટે અનુકૂળ યોગ.

ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ અર્ધત્રિકોણ (તા. ૧૦), વદ ચૌદશનો ચંદ્રોદય મધ્યરાત્રિ પછી ક. ૦૫-૧૨(તા.૧૦), વદ તેરશનો ચંદ્રાસ્ત સાંજે ક.૧૭-૧૧

ગ્રહ ગોચરઃ સૂર્ય-મેષ, મંગળ-મિથુન, બુધ-વૃષભ, ગુરુ-કુંભ, શુક્ર-વૃષભ, શનિ-મકર, રાહુ-વૃષભ, કેતુ-વૃશ્ચિક, હર્ષલ-મેષ, નેપ્ચ્યુન-કુંભ, પ્લુટો-મકર. ■

## સાપ્તાહિક દૈનંદિની તા. ૯-૫-૨૦૨૧ થી તા. ૧૫-૫-૨૦૨૧

રવિવાર, ચૈત્ર વદ-૧૩, સંવત ૨૦૭૭, તા. ૯મી મે, ૨૦૨૧, નક્ષત્ર રેવતી સાંજે ક. ૧૭-૨૮ સુધી, પછી અશ્વિની. ચંદ્ર મીનમાં સાંજે ક. ૧૭-૨૮ સુધી, પછી મેષ રાશિ પર જન્માક્ષર. શિવરાત્રિ, પ્રદોષ, શ્રી રવીન્દ્રનાથ ટાગોર જયંતી, પંચક સમાપ્તિ સાંજે ક. ૧૭-૨૯, વિષ્ટિ પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૨૯-૩૧(તા.૧૦મી). શુભ દિવસ.

સોમવાર, ચૈત્ર વદ-૧૪, તા. ૧૦મી, ૨૦૨૧, નક્ષત્ર અશ્વિની રાત્રે ક. ૨૦-૨૪ સુધી, પછી ભરણી. ચંદ્ર મેષ રાશિ પર જન્માક્ષર. વિષ્ટિસમાપ્તિ સવારે ક. ૮-૪૨, શબેકદ્ર (મુસ્લિમ). શુભ કાર્ય વર્જ્ય છે.

મંગળવાર, ચૈત્ર વદ-૩૦, તા. ૧૧મી, નક્ષત્ર ભરણી રાત્રે ક. ૨૩-૩૦ સુધી, પછી કૃત્તિકા. ચંદ્ર મેષ રાશિ પર જન્માક્ષર. દર્શ અમાસ, અન્વાધાન, સૂર્ય કૃત્તિકા નક્ષત્રમાં બપોરે ક. ૧૨-૩૭. શુભ કાર્ય વર્જ્ય છે.

બુધવાર, વૈશાખ સુદ-૧, તા. ૧૨મી, નક્ષત્ર કૃત્તિકા મધ્યરાત્રિ પછી ક. ૨૬-૩૯ સુધી, પછી રોહિણી. ચંદ્ર મેષમાં સવારે ક. ૦૬-૧૭ સુધી, પછી વૃષભ રાશિ પર જન્માક્ષર. વૈશાખ શુક્લ પક્ષ પ્રારંભ, ઈષ્ટિ, દેવ દામોદર તિથિ (આસામ). શુભ દિવસ.

ગુરુવાર, વૈશાખ સુદ-૨, તા. ૧૩મી, નક્ષત્ર રોહિણી મધ્યરાત્રિ પછી ક. ૨૯-૪૪ સુધી (તા. ૧૪મી), પછી મૃગશીર્ષ. ચંદ્ર વૃષભ રાશિ પર જન્માક્ષર. ચંદ્રદર્શન, મુ.૪૫ સમર્ઘ, ઉત્તર શૃંગોન્નતિ ૬ અંશ. રોહિણી, પારસી ૧૦મો દએ માસારંભ. શુભ દિવસ.

શુક્રવાર, વૈશાખ સુદ-૩, તા. ૧૪મી નક્ષત્ર મૃગશીર્ષ. ચંદ્ર વૃષભમાં રાત્રે ક. ૧૯-૧૩ સુધી, પછી મિથુન રાશિ પર જન્માક્ષર. અક્ષય તૃતીયા, અખાત્રીજ, શ્રી બશ્વેશ્વર જયંતી, પરશુરામ જયંતી, બદ્રીકેદારનાથ યાત્રા, ત્રેતાયુગાતિ, કુંભદાન, કલ્પાદિ, મુસ્લિમ ૧૦મો શવ્વાલ, રમઝાન ઈદ, ત્રીજની વૃદ્ધિ થાય છે. સૂર્ય વૃષભમાં પ્રવેશ રાત્રે ક. ૨૩-૨૭. સંક્રાંતિ પુણ્યકાળ મધ્યાહનથી સૂર્યાસ્ત. શુભ દિવસ.

શનિવાર, વૈશાખ સુદ-૩, તા. ૧૫મી, નક્ષત્ર મૃગશીર્ષ સવારે ક. ૦૮-૩૮ સુધી, પછી આર્દ્રા. ચંદ્ર મિથુન રાશિ પર જન્માક્ષર. વિનાયક ચતુર્થી, અગસ્ત્યનો અસ્ત, વિષ્ટિ પ્રારંભ રાત્રે ક. ૨૧-૦૪. સામાન્ય દિવસ. ■

# અમદાવાદમાં ખાનગી હૉસ્પિટલ અને કોવિડ કેર સેન્ટરોમાં કુલ ૩૪૫૦ બેડ ખાલી

*અમદાવાદ:* શહેરમાં કોરોનાના કેસમાં ક્રમશઃ ઘટાડો જોવા મળી રહ્યો છે. છેલ્લાં ત્રણ દિવસથી નવા કેસની સામે હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ થતા દર્દીઓની સંખ્યા પણ વધી છે. ગુરુવારે ૨૪ કલાકમાં ૩,૯૫૭ નવા કેસ સામે આવ્યા છે અને ૫,૧૪૩ દર્દી સાજા થયા. પરિણામે હવે હોસ્પિટલો બહાર લાઈનો ગાયબ થવા લાગી છે. બેડની સમસ્યા પણ મહદ્ અંશે ઓછી થઈ છે. શહેરની ખાનગી હોસ્પિટલો, કોવિડ સેન્ટર તથા ડેડિકેટેડ કોવિડ સેન્ટરોમાં પ્રાઈવેટ તથા અમદાવાદ મનપાના ક્વોટાના ૧૧૪૫૪ બેડમાંથી ૩૪૫૦ બેડ ખાલી હતી જેમાં ૮૬૧ બેડ ખાનગી હોસ્પિટલમાં ખાલી હતી. બીજી તરફ શહેરની સિવિલ હોસ્પિટલોમાં દરદીઓને લઇને આવતી ૧૦૮ એમ્બ્યુલન્સની લાઇન પણ ઘણી ઓછી જોવા મળી રહી છે. અમદાવાદ મનપા અને પ્રાઈવેટ ક્વોટાના થઈને આઈસોલેશનના ૫૮૮, એચડીયુના ૨૩૪ બેડ તથા ૩૬ ઑક્સિજન બેડ તથા ૩ વેન્ટિલેટર ખાલી છે. એએચએનએ ની વેબસાઈટ મુજબ, ૭મી મેના રોજ સવારે ૯.૩૦ વાગ્યા સુધીમાં અમદાવાદની એએમસી દ્વારા કોરોનાની સારવાર માટે જાહેર કરવામાં આવેલી કુલ ૧૭૩ ખાનગી હોસ્પિટલમાં પ્રાઈવેટ ક્વોટાના ૬૨૯૭ તથા એએમસી ક્વોટાના ૮૫૦ બેડમાંથી આઇસોલેશન વોર્ડમાં ૧૮૮૮, એચડીયુમાં ૨૮૩૯, આઇસીયુમાં ૧૦૮૮ અને આઇસીયુ વિથ વૅન્ટિલેટર પર ૪૭૧ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એમઓયુ કરાયેલી એસએમએસ હોસ્પિટલ અને જીસીએસ હોસ્પિટલમાં પ્રાઈવેટ તથા એએમસી ક્વોટાના કુલ ૫૮૧ બેડમાંથી આઇસોલેન વોર્ડમાં ૪૩, એચડીયુમાં ૧૭૮, વેન્ટિલેટર વિનાના આઇસીયુમાં ૫૭ અને વેન્ટિલેટર પર ૩૧ દર્દીઓ સારવાર લઈ રહ્યાં છે. ■

# ગુજરાતમાં ચાર લાખ રેમડેસિવિર ઈન્જેક્શનની કાળાબજારી થઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

*અમદાવાદ:* રાજ્યમાં ૩ થી ૪ લાખ રેમડેસિવિરની કાળાબજારી થઈ છે. ગુજરાતાં ઈન્જેક્શનની કૃત્રિમ અછત સર્જાઈ છે. એક તરફ કાળાબજારી અને બીજી તરફ નકલી ઈન્જેક્શનો કાળા બજારમાં ઠલવાઇ રહ્યાં છે.

ગુજરાત ફાર્મસી એસોસિયેશના અગ્રણીએ સરકારી અધિકારીઓ પર આક્ષેપ મૂકતા કહ્યું કે, કેટલાક અધિકારીઓ કાળાબજારીમાં સંડોવાયેલા છે. સરકાર આ મામલે પોલીસને જાણ કરે. ગુજરાતમાં ઈન્જેક્શનની કૃત્રિમ અછત ઊભી થઈ છે. ગુજરાતમાં ૩ થી ૪ લાખ ઈન્જેક્શનની કાળાબજારી થઈ છે. અધિકારીઓ આ મામલે પ્રધાનોને ગેરમાર્ગે દોરે છે.

તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે, કેટલાક અધિકારીઓ કાળાબજારીમાં સંડોવાયેલા છે. ડિસ્ટ્રિયુશનનો અભાવ, તેમાં લોકો ગેરમાર્ગે દોરાઈ રહ્યા છે. આજે હોમ ક્વોરન્ટાઈન ટ્રીટમેન્ટ માટે રેમડેસિવિર નથી. કેટલીક હોસ્પિટલમાં પહેલેથી જ દર્દીના સ્વજનને કહી છે કે, રેમડેસિવિર ઈન્જેક્શન લઈ આવો. ડિસ્ટ્રિબ્યુટર પાસે ઈન્જેક્શન આવતું નથી. તેથી લોકોને જીવ બચાવવા કાળાબજારીનો ભોગ બનવુ પડે છે. ભૂતકાળમાં જે સ્ટોક આવતો હતો, તેનો અડધો સ્ટોક ડ્રગ ડિપાર્ટમેન્ટ અને કંપનીના કહેવા મજુબ આપવો પડતો હતો. અધિકારીઓ દ્વારા સગાંવ્હાલાને બોલાવી મોટી રકમ વસૂલાય છે. તેથી ઈન્જેક્શનની અછત ઊભી થઈ. ■

# હોકી ખેલાડી રવીન્દ્રપાલ સિંહનું નિધન

*નવી દિલ્હી:* ભારતની હોકી ટીમના ભૂતપૂર્વ ખેલાડી અને વર્ષ ૧૯૮૦ની મૉસ્કો ઑલિમ્પિકની વિજેતા ટીમના સભ્ય રવીન્દ્રપાલ સિંહનું કોરોનાને કારણે શનિવારે સવારે અવસાન થયું હતું. તેઓ ૬૦ વર્ષના હતા.

કોરોના સામે બે અઠવાડિયાં ઝઝૂમ્યા બાદ રવીન્દ્રપાલ સિંહનું અવસાન થયું હતું. કોરોનાનો ચેપ લાગ્યો હોવાનું નિદાન થયા બાદ ૨૪ એપ્રિલે તેમને વિવેકાનંદ હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

પારિવારિક સૂત્રોના જણાવ્યાનુસાર રવીન્દ્રપાલ સિંહ કોરોનામાંથી સાજા થઈ ગયા હતા અને તેમનો કોરોના ટૅસ્ટ નૅગેટિવ આવ્યા બાદ શુક્રવારે તેમને નૉન-કોરોના વૉર્ડમાં ખસેડવામાં આવ્યા હતા, પરંતુ શુક્રવારે અચાનક જ તેમની તબિયત કથળી હતી અને તેમને વૅન્ટિલેટર પર રાખવામાં આવ્યા હતા.

વર્ષ ૧૯૮૪માં લૉસ ઍન્જલસ ઑલિમ્પિક તેમ જ વર્ષ ૧૯૭૯ના જૂનિયર વર્લ્ડ કપમાં પણ સિંહે ભાગ લીધો હતો. વર્ષ ૧૯૬૦ની ૬ સપ્ટેમ્બરે સીતાપુર ખાતે તેમનો જન્મ થયો હતો. રમતગમત ખાતાના પ્રધાન કિરણ રિજિજુએ સિંહના અવસાન અંગે શોક વ્યક્ત કર્યો હતો.

હોકી ઈન્ડિયાએ પણ સિંહને શ્રદ્ધાંજલિ આપી હતી. (એજન્સી) ■

## પહેલા પાનાનું ચાલુ

### સ્વદેશી દવા

આપવામાં આવી છે. કોરોનાની બીજી લહેરમાં મોટા પ્રમાણમાં દરદીઓ ઑક્સિજનની ગંભીર અછતનો સામનો કરી રહ્યા છે અને તેમને સારવારાર્થે હૉસ્પિટલમાં દાખલ કરવાની જરૂર છે.

આ દવા સીધી જ ચેપયુક્ત કોષ પર અસર કરતી હોવાને કારણે તે લોકોનાં મૂલ્યવાન જીવન બચાવવામાં કારગત નીવડશે એવી અપેક્ષા રાખવામાં આવી રહી છે. આ દવાના ઉપયોગથી કોરોનાના દરદીઓએ હૉસ્પિટલમાં પણ ઓછા દિવસ રહેવું પડશે, એમ સંરક્ષણ ખાતાએ કહ્યું હતું.

કોરોનાના મધ્યમ અને ગંભીર દરદીની સારવાર માટે ડીસીજીઆઈએ પહેલી મેએ આ દવાના ઉપયોગને મંજૂરી આપી હતી.

આ દવાનું સરળતાપૂર્વક ઉત્પાદન કરી શકાતું હોવાને કારણે દેશમાં તે વિપુલ માત્રામાં ઉપલબ્ધ કરી શકાશે, એમ તેમણે કહ્યું હતું.

કોરોનાની પ્રાથમિક સારવારમાં મદદરૂપ થવા આ દવા પણ સાથેસાથે લઈ શકાશે.

ગયા વર્ષના એપ્રિલમાં કોરોનાની પહેલી લહેર વખતે ડિફેન્સ રિસર્ચ ઍન્ડ ડૅવલપમેન્ટ ઑર્ગેનાઈઝેશન (ડીઆરડીઓ)ની અગ્રણી પ્રયોગશાળા ઈન્સ્ટિટ્યૂટ ઑફ ન્યૂક્લિયર મૅડિસિન ઍન્ડ અલાઈડ સાયન્સિસના હૈદરાબાદસ્થિત સેન્ટર ફૉર સેલ્યૂલર ઍન્ડ મોલેક્યૂલર બાયોલોજીના વૈજ્ઞાનિકોએ પ્રયોગશાળામાં કરેલા પ્રયોગમાં આ દવા કોરોના વાઈરસ સામે અસરકારક નીવડશે એવું જણાઈ આવ્યું હોવાનું તેમણે કહ્યું હતું.

આ પરિણામોને આધારે ડીસીજીઆઈની સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઑર્ગેનાઈઝેશને મે ૨૦૨૦માં કોરોનાના દરદી પર આ દવાના બીજા તબક્કાના ક્લિનિકલ ટ્રાયલને પરવાનગી આપી હતી.

ટ્રાયલ દરમિયાન દરદીઓની તબિયતમાં ઉલ્લેખનીય સુધારો આવ્યો હોવાનું જોવા મળ્યું હતું.

પરિણામથી પ્રોત્સાહિત આરોગ્ય ખાતાએ નવેમ્બર ૨૦૨૦માં ત્રીજા તબક્કાના ટ્રાયલને મંજૂરી આપી હતી.

દેશના જુદા જુદા રાજ્યની ૨૭ જેટલી કોરોના હૉસ્પિટલમાં ડિસેમ્બર ૨૦૨૦થી માર્ચ ૨૦૨૧ દરમિયાન ૨૨૦ દરદી પર ટ્રાયલ કરવાની પરવાનગી આપી હતી.

ત્રીજા તબક્કાની ટ્રાયલના પરિણામોની વિગતો ડીસીજીઆઈને સુપરત કરવામાં આવી હતી.

આ દવાના ઉપયોગથી કોરોનાના દરદીઓને બહારથી આપવામાં આવતા ઑક્સિજન પરની નિર્ભરતામાંથી ત્રણ જ દિવસમાં છૂટકારો મળી જતો હોવાનું જોવા મળ્યું હતું.

૬૫ વર્ષથી વધુ વયના લોકોમાં પણ આવા જ પરિણામ જોવા મળ્યા હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

### તમિળનાડુ લૉકડાઉન

સાથે કોરોનાને મામલે યોજાયેલી સમીક્ષા બેઠક દરમિયાન મળેલી માહિતીને આધારે તથા સ્વાસ્થ્ય નિષ્ણાતોની સલાહ પ્રમાણે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

કેન્દ્રના સ્વાસ્થ્ય અને ગૃહ મંત્રાલયે કરેલાં સૂચનો પર પણ ધ્યાન આપવામાં આવ્યું હતું.

કોરોનાનો રોગચાળો વધુ ફેલાતો રોકવા માટે રાજ્યમાં ૧૦મી મેના દિવસે પરોઢિયે ચાર વાગ્યાથી ૨૪મી મેના દિવસે પરોઢિયે ચાર વાગ્યા સુધી સંપૂર્ણ લૉકડાઉન રહેશે.

૧૦મી મેથી સંપૂર્ણ લૉકડાઉન શરૂ થવાનું હોવાથી લોકો વસ્તુઓ ખરીદી શકે એ માટે શનિવાર અને રવિવારે લાદવામાં આવેલા હાલના પ્રતિબંધો હળવા બનાવીને દુકાનોને નવ વાગ્યા સુધી ખુલ્લી રાખવાની પરવાનગી આપવામાં આવી છે.

લૉકડાઉન દરમિયાન સરકારી શરાબની દુકાનો, બધા જ બાર, સ્પા, જિમ, બ્યૂટી પાર્લરો, સલૂનો, સિનેમા હૉલ્સ, ક્લબો, પ્રાણીઘર અને ઍમ્યુઝમેન્ટ પાર્કસ સંપૂર્ણ રીતે બંધ રહેશે. (પીટીઆઇ) ■

### ટાસ્ક ફૉર્સ

તીવ્ર અછતનો સામનો કરી રહ્યા છે.

સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, હિમાચલ પ્રદેશ અને તમિળનાડુના મુખ્ય પ્રધાન સાથે તેમના રાજ્યની કોરોનાની પરિસ્થિતિ અંગે ચર્ચા કરી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર વડા પ્રધાન નરેન્દ્ર મોદી છેલ્લા કેટલાક દિવસથી જે તે રાજ્યના મુખ્ય પ્રધાન સાથે ટેલિફોન પર વાતચીત કરી રાજ્યોમાં કોરોનાને કારણે નિર્માણ પામેલી પરિસ્થિતિની જાણકારી મેળવી રહ્યા છે. (એજન્સી) ■

### પોઝિટિવ ન્યૂઝ

સામનો કરવાની જરૂર છે. મહારાષ્ટ્રમાં શનિવારે એક દિવસમાં ૮૨,૨૬૬ દર્દીઓ કોરોનાના ચેપમાંથી મુક્ત થયા હતા આ સાથે દર્દીઓના સાજા થવાનો કુલ આંકડો ૪૩,૪૭,૫૯૨ પર પહોંચ્યો હતો.

રાજ્યમાં શનિવારે એક દિવસમાં કોરોનાના નવા ૫૩,૬૦૫ કેસ નોંધાયા હતા. આ સાથે કુલ કેસનો આંકડો ૫૦,૫૩,૩૩૬ પર પહોંચ્યો હતો અને એક દિવસનો મરણાંક ૮૬૪ નોંધાયો હતો. રાજ્યમાં એક્ટિવ કેસની કુલ સંખ્યા ૬,૨૮,૨૧૩ રહી હતી.

છેલ્લા એક મહિનાથી રાજ્યમાં કોરોનાના કેસમાં સતત વધારો નોંધાઇ રહ્યો હતો અને રોજના નવા ૬૦ હજારથી વધુ કેસ નોંધાઇ રહ્યા હતા. તેમ છતાં હાલમાં આ કેસમાં ઘટાડો નોંધાઇ રહ્યો છે.

મુંબઈમાં શનિવારે કોરોનાના નવા ૨,૬૬૪ કેસ નોંધાયા હતા. આ સાથે કુલ કેસની સંખ્યા ૬,૭૩,૨૩૫ પર પહોંચી હતી. આ સિવાય એક દિવસમાં ૬૨ જણનાં મોત થયા હતા અને કુલ મરણાંક ૧૩,૭૧૩ પર પહોંચ્યો હતો.

મુંબઈમાં એક મહિના પહેલા સૌથી વધુ નવા કેસ નોંધાઇ રહ્યા હતા, પરંતુ હાલમાં પ્રશાસન દ્વારા લગાવવામાં આવેલા લોકડાઉન જેવા પ્રતિબંધોને કારણે નવા કેસમાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે તથા મરણાંક પણ ઘટ્યો છે. ■

### ઑક્સિજન માગ્યો

એ ફાળવી નથી શકાતા અને એમણે હાલાકીનો સામનો કરવો પડે છે.

સુપ્રીમ કોર્ટમાં કોવિડ-૧૯ના સંદર્ભની સમસ્યાઓ વિશે સુઓ મોટો પીઆઇએલની સુનાવણી ચાલી રહી છે અને રાજ્ય સરકારે કોર્ટમાં રજૂ કરેલા શપથપત્ર સાથે ૬ઠ્ઠી મેનો આ પત્ર જોડવામાં આવ્યો હતો.

મુકીમે જણાવ્યું હતું કે ગુજરાતમાં તત્કાળ ૧૧૯૦ મે. ટ. ઑક્સિજનની જરૂર છે. કોવિડ-૧૯ના કેસ વધવાને કારણે રાજ્યમાં ૫૭,૩૬૮ બૅડની માગ સામે કુલ ઑક્સિજન બૅડની સંખ્યા ૨૬ એપ્રિલે વધીને ૫૩,૯૧૩ થઇ હતી.

૩૦મી એપ્રિલે ગુજરાતમાં ૧૨૫૦ મે. ટ.ની ઑક્સિજનની માગનો અંદાજ લગાવાયો હતો, પણ શનિવાર સુધીમાં એ વધીને ૧૪૦૦ મે. ટ. થઇ હતી અને ૧૫મી મે સુધીમાં એ વધીને ૧૬૦૦ મે. ટ. થવાની શક્યતા છે.

હવે જ્યારે કોવિડના કેસ ગ્રામીણ વિસ્તારોમાં વધી રહ્યા છે, ત્યારે ત્યાં ઑક્સિજનના અભાવે લોકો ઘણી મુશ્કેલી અનુભવી રહ્યા છે અને હૉસ્પિટલમાં દાખલ થવા માટે એમને ઘણો લાંબો સમય સુધી રાહ જોવી પડે છે.

ઉપર જણાવ્યા અનુસાર ગુજરાતને ૧૨મી મે સુધીમાં ૧૪૦૦ મે. ટ. ઑક્સિજન આપવા વિનંતી કરવામાં આવી છે. (પીટીઆઇ) ■

### રિપોર્ટ મરજિયાત

ખાનગી આરોગ્ય કેન્દ્રો અથવા હૉસ્પિટલોમાં જરૂરી બધી જ સ્વાસ્થ્ય સુવિધાઓ આપવાની રહેશે અને આ માટે કોરોના વાઇરસનો પોઝિટિવ રિપોર્ટ મરજિયાત કરાયો છે.

સસ્પેક્ટ કેસને કોવિડ કેર સેન્ટર (સીસીસી), કોવિડ માટેના ચોક્કસ સ્વાસ્થ્ય કેન્દ્રો અને હૉસ્પિટલોના સસ્પેક્ટ વૉર્ડમાં દાખલ કરવાની જવાબદારી કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની હૉસ્પિટલોમાં કે કોઇપણ ખાનગી આરોગ્ય કેન્દ્રો અથવા હૉસ્પિટલોની રહેશે.

આ સિવાય, કોઇપણ દરદીને કોઇપણ પ્રકારની સ્વાસ્થ્ય સેવા નકારવી નહીં અને દરદીઓને જરૂરિયાત પ્રમાણે હૉસ્પિટલમાં દાખલ કરવા. (પીટીઆઇ) ■

### કોરોનાની સારવાર

અગાઉ હૉસ્પિટલ, નર્સિંગ હૉમ કે કોરોના સેન્ટરે દરદીના પાનકાર્ડ કે આધાર કાર્ડ તેમ જ રોકડ રકમ ચૂકવનાર વ્યક્તિ અને કોરોનાના દરદી વચ્ચેના સંબંધની જાણકારી મેળવવી પડશે. હૉસ્પિટલમાં સારવાર લેવા આવતા કોરોનાના દરદીઓના સંબંધીઓ અને તેમની કાળજી લેનારા લોકોની પરેશાની દૂર કરવા આ પગલું લેવામાં આવ્યું છે. (એજન્સી) ■

### વધુ દરદી ઑક્સિજન પર

સપૉર્ટ પર સારવાર લઇ રહ્યા છે. એમણે વધુમાં જણાવ્યું હતું કે દેશભરમાં ૪,૮૮,૮૬૧ દરદી આઇસીયુમાં, ૯,૦૨,૨૯૧ દરદી ઑક્સિજન સપૉર્ટ પર અને ૧,૭૦,૮૪૧ દરદી વૅન્ટિલેટર પર સારવાર લઇ રહ્યા છે. આ બેઠકમાં કેન્દ્રના વિદેશ પ્રધાન એસ. જયશંકર, સિવિલ ઍવિયેશન પ્રધાન હરદીપ એસ. પુરી, બંદરો, શિપિંગ અને જળમાર્ગ તથા રસાયણ

અને ખાતર માટેના રાજ્ય કક્ષાના પ્રધાન મનસુખ માંડવીયા, રાજ્ય કક્ષાના ગૃહ ખાતાના પ્રધાન નિત્યાનંદ રાય, રાજ્ય કક્ષાના સ્વાસ્થ્ય અને કુટુંબ કલ્યાણ પ્રધાન અશ્વિનીકુમાર ચૌબે, નીતીઆયોગ (સ્વાસ્થ્ય)ના સભ્ય ડૉ. વિનોદ કે. પોલે વર્ચ્યુઅલી હાજરી આપી હતી.

આ બેઠકમાં હૉસ્પિટલોમાં દાખલ કરાયેલા દરદીઓ માટેની સગવડોમાં વધારો કરવા માટે લેવામાં આવેલા પગલાં વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

આ સિવાય, દેશમાં ઑક્સિજનનું ઉત્પાદન વધારીને પ્રતિ દિવસ ૯૪૦૦ મે. ટ. કરાયું હોવાની માહિતી પણ આપવામાં આવી હતી. (પીટીઆઇ) ■

### બ્રિટન

લાખ ડોઝ મળશે. કેટલાક રાજ્યોને એક-એક લાખ ડોઝ મળશે. બે રાજ્યોને ૫૦-૫૦ હજાર ડોઝ મોકલવામાં આવશે. સરકારે રાજ્યોમાં કોરોનાના કેસોને જોઈને ત્યાં મોકલવામાં આવનારા ડોઝની સંખ્યા નક્કી કરી છે.

આ વેક્સિન નિકાસ કરવા માટે રાખવામાં આવી હતી, તેથી તેના પર કોવિશિલ્ડના બદલે 'કોવિડ-૧૯ વેક્સિન એસ્ટ્રાજેનેકા'નું લેબલ લાગેલું હશે. હવે સરકારે રાજ્યોને કહ્યું છે કે તેઓ સીધા જ કંપનીનો સંપર્ક કરે અને ડોઝ ખરીદવાની પ્રક્રિયા શરૂ કરે.

સીરમ ઈન્સ્ટિટ્યૂટે આ અગાઉ ૨૩મી માર્ચે સરકાર પાસે પચાસ લાખ ડોઝ બ્રિટન મોકલવાની પરવાનગી માગી હતી. ત્યારે સંસ્થાએ કહ્યું હતું કે તેનો એસ્ટ્રાજેનેકા સાથે કરાર છે. તેથી આ ડોઝ મોકલવા જરૂરી છે અને દેશમાં થઈ રહેલા પુરવઠામાં અવરોધ આવવા નહીં દે. ■

### કોરોનાથી મોત

લાખને પાર થઇ ગયો હતો અને ૧૯ ડિસેમ્બરના રોજ કોરોના કેસનો આંકડો એક કરોડ તથા ૧૯ એપ્રિલના રોજ દોઢ કરોડને આંબી ગયો હતો.

છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાથી થયેલા કુલ ૪,૧૮૭ મૃત્યુમાં મહારાષ્ટ્રમાં ૮૯૮, ઉત્તર પ્રદેશમાં ૩૭૨, દિલ્હીમાં ૩૪૧, કર્ણાટકમાં ૫૯૨, છત્તીસગઢમાં ૨૦૮, તમિળનાડુમાં ૧૯૭, હરિયાણામાં ૧૬૨, રાજસ્થાનમાં ૧૬૪, પંજાબમાં ૧૬૫, ઉત્તરાખંડમાં ૧૩૭, ઝારખંડમાં ૧૩૬, ગુજરાતમાં ૧૧૨ અને ૫. બંગાળમાં ૧૧૨ મૃત્યુ નોંધાયાં છે. (પીટીઆઇ) ■

### નવા દરદી નહિ

જિલ્લામાં છેલ્લા ૨૮ દિવસમાં કોરોનાનો નવો એકપણ દરદી નહોતો નોંધાયો.

દેશભરમાં કોરોનાના ૪,૮૮,૮૬૧ દરદી આઈસીયુમાં, ૧,૭૦,૮૪૧ દરદી વૅન્ટિલેટર પર અને ૯,૦૨,૨૯૧ દરદી ઑક્સિજન પર છે, એમ તેમણે કહ્યું હતું.

વિદેશી બાબતોના પ્રધાન એસ. જયશંકર, નાગરિકી ઉડ્ડયન ખાતાના પ્રધાન હરદીપ એસ. પુરી, પૉર્ટ, શિપીંગ ઍન્ડ વૉટરવેઝ તેમ જ રસાયણ અને ખાતર ખાતાના રાજ્યકક્ષાના પ્રધાન મનસુખ માંડવિયા, ગૃહ બાબતોના રાજ્યકક્ષાના પ્રધાન નિત્યાનંદ રાયે આ બેઠકમાં હાજરી આપી હતી. (એજન્સી) ■

### આધ્યાત્માનંદનું નિધન

હતું. સ્વામી આધ્યાત્માનંદે ૮૧૪ શિબિર યોજી વિશ્વભરમાં યોગ, પ્રાણાયામ અને ધ્યાનનો વ્યાપ વધાર્યો હતો.

વર્ષ ૧૯૯૯માં ન્યૂ મૅક્સિકોમાં યોજાયેલી વિશ્વ શાંતિ પરિષદમાં તેમણે ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

ઈન્ડિયા કૅનેડા કલ્ચર ઍન્ડ હૅરિટેજ અસોસિયેશન દ્વારા તેમને લાઈફટાઈમ અચીવમેન્ટ એવૉર્ડ આપવામાં આવ્યો હતો.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહ પ્રધાન અમિત શાહ અને ગુજરાતના મુખ્ય પ્રધાન વિજય રૂપાણીએ સ્વામીજીના નિધન અંગે ઘેરા શોકની લાગણી વ્યક્ત કરી હતી. (એજન્સી) ■